સને ૧૯૬૨ નો શિક્ષણ ઉપકર અધિનિયમ
મીઠાના ઉત્પાદન માટે કિરાયાથી આપેલ
જમીન ઉપર કેળવણી ઉપકરની આકારણી
કરવા બાબત.

પરિપત્ર ક્રમાંક ઈ. સી. એફ. ૨૨૬૪-૭૦૧૧૨-લ, તારીખ ૧૮મી ઓગસ્ટ ૧૯૬૬.

પરિપત્ર

મીઠાના ઉત્પાદન માટે જમીન સામાન્યતઃ વાર્ષિક દર એકરે રૂા. ૨.૦૦ ના કિરાયા (Rent) અને મીઠાનાં ઉત્પાદન ઉપર દર ટને એક રૂપિયો રોયલ્ટી લઈ આપવામાં આવે છે. તો કિરાયાની રકમ સને ૧૯૬૨ ના ગુજરાત શિક્ષણ ઉપર અધિનિયમની કલમ ૭ અન્વયે શિક્ષણ ઉપકરની આકારણીને પાત્ર છે કે કેમ તે પ્રશ્ન સરકારની વિચારણામાં હતો, કારણ કે સદરહુ કલમ ૭ અન્વયે ઉપકર બીનખેતી ધારાની રકમ ઉપર આકારણીને પાત્ર છે. અને કિરાયાની જમીન ઉપર કેવી રીતે આકારણી કરવી તે સ્પષ્ટ નથી.

૨. માલિકીની જમીનો મીઠાનાં ઉત્પાદન માટે વપરાય છે ત્યારે તેના ઉપર ખેતી ધારો, દર એકરે રૂા. ૨.૦૦ લેખે લેવાય છે. આથી એમ જણાય છે કે અહીં કિરાયું બીન ખેતી ધારાની બરાબર છે અને તેથી કિરાયાની રકમ ઉપર સને ૧૯૬૨ ના શિક્ષણ ઉપર અધિનિયમની કલમ (૭)(૧)(૩) અન્વયે તેના ૫૦ ટકા લેખે ઉપકરની આકારણી કરી શકાય. સામાન્ય રીતે બીનખેતી ધારો ખેતી વિષયક ધારાની રકમ કરતાં ઓછો હોઈ ન શકે તેથી જ્યાં ખેતી વિષયક ધારાની રકમ રૂા. ૨ થી વધારે હોય તે રકમને મીઠાના ઉત્પાદન હેઠળની જમીન માટે બીનખેતીનો ધારો ગણવો આ પ્રમાણે કાર્યવાહી કરવા બધા કલેકટરને વિનંતી છે.